અપીલ અરજી નં.૭૧૩, તા.૩૦–૩–૧૨
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી આશીષ એ. દલાલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી આશીષ એ. દલાલની તા. ૦૯–૦૧–૧૨ની અરજીથી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગે ટી.પી. ૧૯, ફા.પ્લોટ નં. ૧૧૮, ઓ.પી. ૭૫ તા. ૭–૪–૦૭ થી દયાબેન નરેન્દ્રભાઈ પાંડવના મંજુરીમાં મુકેલ પ્લાન માટે ટાઉન પ્લાનીંગ ખાતા દ્વારા મંગાવેલ અભિપ્રાયની નકલ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૩–૧૨ ની **SMC/FAP/** નં.૭૧૩/૨૦૧૧–૧૨

શ્રી આશીષ એ. દલાલની તા. ૦૯–૦૧–૧૨ની અરજીથી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગે ટી.પી.૧૯, ફા. પ્લોટ નં. ૧૧૮, ઓ.પી. ૭૫ તા. ૭–૪–૦૭ થી દયાબેન નરેન્દ્રભાઈ પાંડવના મંજુરીમાં મુકેલ પ્લાન માટે ટાઉન પ્લાનીંગ ખાતા દ્વારા મંગાવેલ અભિપ્રાયની નકલ આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૦–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૪ તા. ૭–૪–૧૨ થી** એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને માંગેલ મૂળ માહિતી, ફી ભર્યાની વિગત રજૂ કરવા તથા અપીલ દરમ્યાન માહિતી મળે તો આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા તથા વિલંબીત અપીલ અરજી અંગે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા. ૧૮–૪–૧૨ નો પૂરક પત્ર અત્રે મળેલ છે. અત્રેથી મ. શહેર વિકાસ વિભાગમાં રૂબરૂ જઈ અરજદારની મુળ અરજીની નકલ તથા મ. શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૪૯૬ તા. ૨૧–૧–૧૨ થી કતારગામઝોનને તબદીલ કરેલ પત્રની નકલ મેળવવામાં આવેલ છે.

અરજદારની તા. ૯–૧–૧૨ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસને કરવામાં આવેલ. જે મ. શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૪૯૬ તા. ૨૧–૧–૧૨ થી નિયત સમય અવધિ બાદ જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને તબીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ ન મળતાં અઘટિત વિલંબથી તા. ૩૦–૩–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને અત્રેથી બંને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગવામાં આવેલ. જે અંગે અરજદાર પાસે માંગેલ મૂળ માહિતી, ફી ભર્યાની વિગત રજૂ કરવા તથા અપીલ દરમ્યાન માહિતી મળે તો આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા તથા વિલંબીત અપીલ અરજી અંગે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી મુળ અરજીની નકલ કે ફી ભર્યાની વિગતો રજૂ કરેલ નથી પરંતુ તેમના તા. ૧૮–૪–૧૨ ના પત્રથી અરજદારે તા. ૯–૧–૧૨ ના રોજ ટી.પી.૧૯, ફા.પ્લોટ નં. ૧૧૮, ઓ.પી. ૭૫ તા. ૭–૪–૦૭ના મંજુરીમાં મુકેલ પ્લાન માટે ટાઉન પ્લાનીંગ ખાતા દ્વારા મંગાવેલ અભિપ્રાય મેળવવા માટે અરજી કરેલ હતી તેની માહિતી આપેલ નહીં. પરંતુ તા. ૨૧–૧–૧૨ ના રોજ એક પત્ર લખેલ જે કતારગામઝોનને ટ્રાન્સફર કરેલ હોવાનું જણાવેલ. મ. શહેર વિકાસ વિભાગ તરફથી કોઈ માહિતી પૂરી પાડેલ નથી કે પત્ર વ્યવહાર કરેલ નથી કે અરજી દફતરે કર્યાનું જણાવેલ નથી આ સંજોગોમાં યોગ્ય સમય આપેલ હોવા છતાં અરજીનો કાયદેસર નિકાલ કરેલ

નથી જે નિકાલ કર્યાની જાણ કર્યાની તારીખથી ૩૦ દિવસમાં અપીલ દાખલ કરવાની રહે છે અમોને આજ દિન સુધી અરજી નિકાલ કર્યાની જાણ કરેલ નથી તેથી અપીલ અરજદાર ધ્વારા કરવામાં આવેલ અરજી યોગ્ય સમય મર્યાદામાં છે તેવી રજૂઆત કરેલ છે. આરટીઆઈના કાયદા અને નિયમોની જોગવાઈ મુજબ મ. શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૪૯૬ તા. ૨૧–૧–૧૨ થી કાયદાની કલમ–૬(૩) મુજબ મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર કતારગામઝોનને અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ છે . જે અંગે આરટીઆઈ એકટની કલમ ૧૯(૧) હેઠળ મુળ અરજીથી માંગેલ માહિતી દિન–૩૦ની અવધિમાં ન મળે અથવા મળે તો તે અંગેની નારાજગીના કિસ્સામાં પ્રથમ અપીલની જોગવાઈ હોઈ તે મુજબ અપીલનું કારણ ઉત્પન થયે જ અપીલ કરવામાં આવે છે. તે સિવાય વિલંબિત અપીલ ગ્રાહય રાખવાનું અપીલ અધિકારીની વિવેકબુધ્ધિને આધિન ગુણદોષ પર નિર્ભર છે. અરજદારે વિલંબિત અપીલ અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ વિલંબના કોઈ કારણ કે વ્યાજબીપણુ રજુ કરેલ નથી. તેથી પ્રથમ દર્શીય રીતે અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવના તથા આમુખથી ચરીતાર્થ થયેલ જોગવાઈને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે. અરજદારની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ હોય તેવું જણાતું નથી. તેમજ આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૩૦–૩–૧૨ ધ્યાને લેતાં ૨૮–૦૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૩–૫–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૯–૧–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી વિલંબિત અપીલને ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી આશીષ એ. દલાલ (એડવોકેટ),